**સાંબરકાંઠા જીલ્લા ના મજુર અદાલત ના પ્રમુખ અધીકારી શ્રી એસ.યુ.બાબર**
**સમક્ષ. મુ.હીમંતનગર**

**રેફરન્સ (એલ.સી.એચ)નંબર-૨૨/૨૦૨૧**

**આંક-૦૭**

**પ્રથમપક્ષકાર :-** **પરીક્ષેત્ર વનઅધિકારીશ્રી,**
વીસ્ત્રાણ રેન્જ,ખેડબ્રહા, ચેમ્બર નંબર-૨૧૭,
ડી-બ્લોક, પ્રથમ માળ, તાલુકા સેવા સદન
મુ.પો.ખેડબ્રહા,જી-સાબરકાંઠા

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકારઃ-** **પરમાર રાવતાભાઈ હાંસાભાઈ**
મુ.પો.દેમતી વાધરૂજીયા,તા-પોશીના, જી-સાબરકાંઠા

**હાજર રહયા- પ્રથમ પક્ષકાર તર્ફે- વિ.વ.શ્રી.એચ.બી.ત્રીવેદી**
**બીજા પક્ષકાર તર્ફે- ગેરહાજર**

..............................................................................................................

-: એવોર્ડ :-

૧. બીજા પક્ષકાર શ્રી પરમાર રાવતાભાઈ હાંસાભાઈ, મુ.પો.દેમતી વાધરૂજીયા, તા-પોશીના, જી-સાબરકાંઠા ને પડેલા દિવસો ના પગાર સહીત મુળ જગ્યા એ નો કરી માં પુનઃ સ્થાપીત કરવા કે કેમ ? તેના ન્યાય નીર્ણય સારૂ સદરહુ રેફફન્સ મદદનીશ શ્રમઆયુકતશ્રી સાંબરકાંઠા ના તા.૦૪/૧૦/૨૦૨૧ ના હુકમ ક્રમાંકઃ મશ્રઆ/હિંમત/આઈ.ડી.આર.૧૫/૩૦૨૨/૨૦૨૧ ના હુકમ થી અત્રે ની અદાલત માં મોકલવા માં આવેલ છે.

૨. **માંગણા નિવેદનની હકીકતો :-**
હાલ ના કામે બીજા પક્ષકાર શ્રમયોગી ને આંક-૦૨ વાળી નોટીસ ધોરણસર બજી ગયેલ હોવા છતા તેઓ હાજર થયેલ નથી કે કોઈ માંગણા નુ નીવેદન રજુ કરેલ નથી.બીજા પક્ષકાર ને આંક-૦૫ થી નોટીસ ની એકનોલેજમેન્ટ પણ કામ માં સામેલ રાખેલ છે અને આમ બીજા પક્ષકાર કામદાર ને ધોરણસર નોટીસ બજવણી થયેલ હોવા છતા પણ તેઓ હાજર થયેલ નથી કે કોઈ રીપોર્ટ કરેલ નથી. જેથી તેઓ હાજર ન હોવા થી તા.૧૨/૦૯/૨૦૨૩ ના રોજ તેઓ નો માંગણા નિવેદન રજુ કરવાનો હકક બંધ કરવા માં આવેલ છે.

૩. પ્રથમપક્ષકાર તર્ફે વિ.વ.શ્રી એચ.બી.ત્રીવેદી હાજર રહેલ છે. વધુ માં બીજાપક્ષકાર ન્યાયીક કાર્યવાહી માં હાજર રહેલ ન હોય બીજા પક્ષકાર નો પુરાવા નો હકક અને પ્રથમપક્ષકાર નો પુરાવા નો હકક બંધ કરવા માં આવેલ છે.તેમજ પક્ષકારો નો દલીલ નો હકક પણ બંધ કરવા માં આવેલ છે.

૪. ઉપરોકત કેસની હકીકત વંચાણે લેતા તેમજ રેકર્ડ ધ્યાને લેતા હાલ ના કામે બીજાપક્ષકાર/કામદાર તર્ફે કોઈ માંગણા નીવેદન રજુ કરવા માં આવેલ નથી.બીજા પક્ષકાર ને તા.૩૦/૧૧/૨૦૧૭ થી ગેરકાયદેસર રીતે છુટા કરેલા ની હકીકતો સાથે નો હાલ નો રેફરન્સ ન્યાય નીર્ણય માટે અત્રે ની કોર્ટ તરફ મોકલી આપવા માં આવેલ છે. આ બાબતે બીજાપક્ષકારા તર્ફે કોઈ માંગણાનીવેદન કે મૌખીક પુરાવો કે દસ્તાવેજી પુરાવો હાલ ના કામે રજુ કરવા માં આવેલ નથી.જેથી કહી શકાય કે બીજાપક્ષકારે કેસ ની હકીકતો પુરવાર કરવા કોઈ પ્રયત્ન કરેલ નથી.બીજા પક્ષકાર ને ધોરણસર નોટીસ ની બજવણી થયેલ હોવા છતા તેઓ હાજર રહેલ નથી કે પ્લીડીંગ કે પુરાવા થી પોતાનો કેસ પુરવાર કરેલ નથી.જે તમામ હકીકતો જોતા અરજદારની નોકરી અંગે ની તથા છુટા કર્યા ની હકીકતો પુરવાર થતી નથી. અને તેથી બીજા પક્ષકાર ને પડેલા દીવસો ના પગાર સહીત પુનઃસ્થાપીત કરવા બાબતે નો પણ કોઈ પુરાવો બીજા પક્ષકાર દવારા રજુ કરવામાં આવેલ નથી. મદદનીશ શ્રમ આયુકત સમક્ષ ની કાર્યવાહી ના પેપર્સ ધ્યાને લેતા પણ બીજા પક્ષકાર ને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી. આમ બીજા પક્ષકારે આ કામે હાજર રહી પ્રથમપક્ષકારે તેઓને તા.૩૦/૧૧/૨૦૧૭ ના રોજ થી ગેરહકાયદેસર અને ગેરવ્યાજબી રીતે છુટા કરેલા નુ પુરવાર કરેલ ન હોય ન્યાય ના હીત માં નીચે મુજબ નો આખરી હુકમ કરવા માં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) બીજા પક્ષકાર નો રેફરન્સ પુરાવા ના અભાવે "નામંજુર" કરવા માં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવા માં આવતો નથી.

તા.૦૩/૦૧/૨૦૨૪

સ્થળ-હિંમતનગર

(સંગ્રામ ઉદયસીંહ બાબર)
પ્રમુખ અધીકારી
મજુર અદાલત, હિંમતનગર
Code no-GJ01178